# ધનસુરા તળાવની પ્રોટેકશન દિવાલના કામમાં ભ્રષ્ટાચારની શંકા

ધનસુરા, તા. ૧૮ ધનસુરા ખાતે આવેલ વિશાળ ૮૦ વિઘાના તળાવની પાળ ઉપર અમિત શાહની ગ્રાન્ટમાંથી રૂ. ૧૦ લાખ મંજૂર થયેલ છે. આ વિશાળ તળાવ ઉપર પ્રોટેક્શન વૉલ બનાવવા માટે સિંચાઈ વિભાગ દ્વારા ધનસુરાના એક કોન્ટ્રાક્ટરને આપેલ જે જાહેરાત દ્વારા ટેન્ડર બહાર પાડી આપેલ કે બારોબાર આપેલ તેની તપાસ થવી જોઈએ.

આ કોન્ટ્રાક્ટર દ્વારા જે કામ કરવામાં આવે છે તે કામ શુ ટેન્ડર પ્રમાણે પ્લાન એસ્ટીમેન્ટ મુજબ થાય છે કે કેમ તેની તટસ્થ તપાસ ક્લોરી કંટ્રોલ અને વીઝીલન્સ દ્વારા થાય તો સત્ય હકિકત બહાર આવવાની વકી છે. આ વિશાળ તળાવ ઉપર જો પ્રોટેક્ષન દિવાલના કામમાં ટેન્ડર પ્રમાણે માલ ન વપરાયો હોય કે કામ નબળુ થયુ હશે તો ધનસુરાના એડપરા માટે ખતરારૂપ બનવાનો ભય છે. આ પ્રોટેક્ષન દિવાલ પ્રત્યે જો સિંચાઈ વિભાગ ધ્યાન નહિ આપે અને ભ્રષ્ટાચાર કર્યો હશે તો તેની જવાબદારી અધિકારીની રહેશે. હાલ ચાલતા કામમાં કોન્ટ્રાક્ટર દ્વારા કામ થયા. આ કામ બાબતે લોકોમાં રોષ જોવા મળે છે.

આ કોન્ટ્રાક્ટરના નબળા કામ અંગે પંચાયતના એક સભ્યએ પ્રશ્નોની રજુઆત સાથે તળાવની પ્રોટેક્ષન દિવાલમાં ભ્રષ્ટાચાર થતો હોવાનું પણ જણાવેલ છે. સત્વરે તટસ્થ તપાસ માંગી છે.




# સાબરકાંઠામાં નિરાશાના વાદળો : વરસાદની હાથતાળી

## ઘડીક તડકો ઘડીક વાદળોને લીધે બાફ વધ્યો : મોટાભાગના તાલુકાઓમાં ચોમાસુ ખેતીનો પ્રારંભ ન થતા ખેડૂતોમાં દ્વિધા

હિંમતનગર, તા. ૧૮ સાબરકાંઠા જિલ્લામાં આ વર્ષે હવામાન વિભાગે વહેલા વરસાદની કરેલી આગાહી હાલના તબક્કે સંપૂર્ણ નિરાશાજનક સાબિત થઈ છે ત્યારે જિલ્લામાં આ વર્ષે સૌથી ઓછો વરસાદ પડ્યો હોવાને કારણે ખેડૂતો ચોમાસુ પાકોની વાવણી કરી શક્યા નથી. જો આગામી પંદર દિવસમાં સંતોષકારક વરસાદ નહી થાય તો ખેડૂતોની હાલત ખૂબજ કફોડી બનવાની શક્યતા નકારી શકાતી નથી. છેલ્લા પાંચ દિવસથી આકાશ વાદળોથી ઘેરાયેલું રહેતુ હોવા છતાં વરસાદ પડતો નથી જેથી જિલ્લામાં નિરાશાના વાદળો છવાઈ ગયા છે.

આમ જોવા જઈએ તો સાબરકાંઠા જિલ્લામાં ૨૦ જૂન પછી રોયણનો વરસાદ થયા પછી એકાદ અઠવાડીયામાં વાવણીલાયક વરસાદ પડી જાય છે. જેના કારણે અગાઉના વર્ષોમાં ખેડૂતો વાવણીના કામમાં પરોવાઈ જતા હતા પરંતુ આ વર્ષે આજે તા. ૧૮ જુલાઈ થઈ ગઈ હોવા છતા મોટાભાગના તાલુકાઓમાં વરસાદ નહીવત થવાને કારણે બોર કૂવામાં તથા ચેકડેમોમાં નવા પાણીની આવક થઈ નથી જે નબળા ચોમાસાની નિશાની છે.

દરમિયાન આ વર્ષે સાબરકાંઠા જિલ્લામાં મોસમનો કુલ વરસાદ ૧૭૬૦ મી.મી. નોંધાયો હોવાનો જિલ્લા ડિઝાસ્ટર વિભાગનો દાવો છે ત્યારે તેમાં સૌથી ઓછો વરસાદ તલોદ તાલુકામાં ૧૧૫ મી.મી. અને પ્રાંતિજમાં ૧૨૩ મી.મી. પડ્યો છે. ગત વર્ષોની સરખામણીમાં આ વરસાદ કઈ જ નથી તેવુ વડવાઓનું કહેવુ છે. જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી આકાશ ભલે વાદળછાયુ રહેતુ હોય પણ તે વાદળો વરસતા નથી જેના કારણે બાફ અને ઉકળાટનું પ્રમાણ વધી જતા લોકો અત્યારથી જ વિવિધ બીમારીઓમાં સપડાઈ ચૂક્યા છે.

સામે પક્ષે પ્રાંતિજ અને હિંમતનગરતાલુકાના કેટલાક ગામોમાં ખેડૂતોએ ડાંગરની રોપણી શરૂ કરી દીધી છે પરંતુ વાતાવરણ અનુકૂળ ન આવવાના કારણે છોડનો વિકાસ અટકી ગયો છે. જેના કારણે ખેડૂતોની હાલત ખાતર પર દિવેલ જેવી થઈ રહી છે. જો આગામી એકાદ અઠવાડીયામાં જિલ્લામાં વાવણીલાયક વરસાદ નહીં થાય તો ચોમાસુ નિષ્ફળ જવાની શક્યતા દર્શાવાઈ રહી છે. ત્યારે જળાશયો અને ચેકડેમમાં નવા નીર નહી આવે તો પાણીની ખેંચ વર્તાશે.

# પાલનપુરની હોટલમાંથી યુવકનો મૃતદેહ મળી આવતા ચકચાર

## મહેસાણા જિલ્લાના ખદલપુર ગામના યુવકનો દુર્ગંધ મારતો મૃતદેહ મળી આવ્યોઃ આપઘાત કર્યો હોવાનું પ્રાથમિક અનુમાન

પાલનપુર રેલવે સ્ટેશન નજીક આવેલી એક હોટલના રૂમમાંથી ગતરોજ યુવકનો દુર્ગંધ મારતો મૃતદેહ મળી આવતાં ચકચાર મચી જવા પામી હતી. આ અંગે પૂર્વ પોલીસે અકસ્માતે મોતનો ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



પાલનપુર રેલવે સ્ટેશન નજીક આવેલી હોટલ સૂર્યામાં રૂમ નં. ૧૦૩માંથી મંગળવારે બપોરના સુમારે તીવ્ર દુર્ગંધ આવતી હોવાથી હોટલના સંચાલકે પૂર્વ પોલીસ મથકે જાણ કરી હતી. જ્યાં દોડી આવેલા પીએસઆઈ કે. એન. જેઠવાએ રૂમનો દરવાજો તોડી અંદર તપાસ કરતાં એક યુવકનો મૃતદેહ પલંગમાં પડેલો મળી આવ્યો હતો. આ અંગે હોટલના સંચાલકની પુછપરછમાં જાણવા મળ્યું હતુ કે, ત્રણ દિવસ અગાઉ મહેસાણા જિલ્લાના જોટાણા તાલુકાના ખદલપુર ગામના કિરણભાઈ કાળીદાસ પટેલ રૂમ નં. ૧૦૩માં રોકાયા હતા. જેમણે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો.

આ અંગે હોટલના સંચાલકે આપેલી જાણવા જોગ નોંધના આધારે પોલીસે અકસ્માતે મોતનો ગૂનો નોંધ્યો હતો. અને મૃતદેહ પાલનપુર સિવિલ હોસ્પિટલમાં પી. એમ. અર્થે ખસેડયો હતો. દરમિયાન મોડી સાંજે મૃતક યુવકના પરિવારજનો પાલનપુર દોડી આવ્યા હતા. જેમના હૈયાફાટ રૂદનથી વાતાવરણ શોકમય બની ગયું હતુ.

# પાલનપુરમાં વૃધ્ધા સાથે ૧.૨૦ લાખની ઠગાઈ

## એક લાખ રૂપિયામાં દગીનાનો સોદો કરી વૃદ્ધા સાથે છેતરપીંડી આચરી ગઠિયાઓ પલાયન

પાલનપુર શહેરના સંજયચોક વિસ્તારમાં ગત બપોરના સુમારે બે ગઠીયાઓએ એક વૃધ્ધાને ઘેનયુકત પદાર્થ સુંઘાડી એક લાખ રૂપિયામાં દાગીનાનો સોદો કર્યો હતો. જેમાં રૂપિયાના બંડલ ઉપર સો ની નોટ રાખી બાકીના કાગળોની થપ્પી પકડાવી સોનાના પારા વાળી કંઠી અને બુટ્ટી મળી કુલ રૂપિયા ૧.૨૦ લાખના દાગીના સેરવી લઈ છુમંતર થઈ ગયા હતા. આ અંગે પરિવારજનોને જાણ થતાં તેમણે પૂર્વ પોલીસ મથકે જાણ કરી હતી.



પાલનપુર શહેરના હમીરબાગ રામપુરા ઠાકોરવાસમાં રહેતા ૬૫ વર્ષીય વૃદ્ધા મધુબેન કચરાજી ઠાકોર ગતરોજ સિવિલ હોસ્પિટલ નજીક આવેલી તેમના પુત્રની હોટલે ચા પીને તેમની પુત્રીના ઘરે ગોબરીરોડ વિસ્તારમાં જવા માટે સંજયચોક નજીકથી પસાર થઈ રહ્યા હતા. દરમિયાન, બે અજાણ્યા શખ્સો તેમની પાસે આવી વિશ્વાસ કેળવી તેમણે એક રૂમાલમાં લાકડાના ટુકડા અને પથ્થર બાંધીને થેલીમાં મુકયા હતા. અને હાથ ઉપર કંકુ જેવો પદાર્થનું ટપકું કરતાં તેઓ સુધબુધ ગુમાવી બેઠા હતા. જે બાદ આ શખ્સોએ મધુબેન સાથે સોનાના દાગીનાનો રૂપિયા એક લાખમાં સોદો કર્યો હતો. જેમાં રૂપિયાના બંડલ ઉપર સોની અસલી નોટ રાખી હતી. અને નીચે કાગળોની થપ્પી રાખી આ બંડલ મધુબેનની થેલીમાં મુકી ઘરે જઈને જ રૂપિયા ગણવા જણાવ્યું હતુ. જે લઈને તેઓ તેમની દીકરીના ઘરે ગયા હતા. જ્યાં થેલીમાંથી રૂપિયા ગણવા માટે બંડલ કાઢતાં છેતરપીંડી થઈ હોવાની જાણ થવા પામી હતી.

આ અંગે વૃધ્ધાએ તેમના પુત્ર હરેશભાઈને જાણ કરતાં તેઓએ આ અંગે પૂર્વ પોલીસ મથકે જાણ કરી હતી. જેના આધારે પોલીસે જાણવા જોગ નોંધ કરી આ દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.

# હિંમતનગરની અનુસૂચિત જાતિ કચેરીમાં એસીબીનું સર્ચ

## અમદાવાદ અને ગાંધીનગર એસીબીના સ્ટાફે તપાસ હાથ ધરતા ચકચાર : શિષ્યવૃત્તિની ચુકવણીમાં ગોલમાલ થતી હોવાનું અનુમાન

હિંમતનગર, તા. ૧૮ રાજ્ય સરકાર દ્વારા પછાત જ્ઞાતિના યુવાનો તથા યુવતીઓને પ્રોત્સાહિત કરવા માટે કરોડો રૂપીયાનું ખર્ચ કરીને આ વર્ગના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચુકવવામાં આવે છે ત્યારે તેમાં હિંમતનગરના સેવા સદનમાં આવેલ અનુસૂચિત જાતિ કચેરીમાં ખુબજ ગોલમાલ થતી હોવાની બાતમીને આધારે બુધવારે અમદાવાદ અને ગાંધીનગર એસીબીના ત્રણ અધિકારીઓએ ઓચીંતા આવીને તપાસ કરતા સેવા સદનમાં ચકચાર મચી જવા પામી હતી.

આ અંગે આધારભૂત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગર સેવા સદનમાં આવેલ અનુસૂચિત જાતિ કચેરીના માધ્યમથી પછાતવર્ગના વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓને વિવિધ પ્રકારે શિષ્યવૃત્તિના માધ્યમથી નાણાંકીય સહાય આપવામાં આવે છે જોકે હવે તો આ શિષ્યવૃત્તિ જે તે ઉમેદવારના બેંક એકાઉન્ટમાં જમા કરવામાં આવતી હોવાની પદ્ધતિ અમલી બની છે તેમ છતાં કેટલાક જેમાં કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ આ શિષ્યવૃત્તિની રકમમાં ગોલમાલ કરતા હોવાનું ચર્ચાતા તે અંગે ગાંધીનગર અને અમદાવાદ એસીબીના અધિકારીઓના ધ્યાને આવતા તેમણે તરત જ ઉચ્ચ અધિકારીઓનું ધ્યાન દોર્યુ હતુ.

ત્યારબાદ અમદાવાદ અને ગાંધીનગર એસીબીના બે ડીવાયએસપી અને એક પીઆઈએ બુધવારે હિંમતનગર સ્થિત અનુસૂચિત જાતિની કચેરીમાં આવીને સર્ચ શરૂ કરતા અન્ય કર્મચારીઓ સ્તબ્ધ બની ગયા હતા. જો કે એસીબીના અધિકારીઓએ આવીને તરત જ કચેરીનો મુખ્ય દરવાજો બંધ કરી દીધો હતો. જેના કારણે આ અધિકારીઓએ કેવા પ્રકારની તપાસ કરી તે અંગે કોઈ વિગતો મળી શકી નથી.

તેમ છતા સૂત્રોના જણાવાયા મુજબ હિંમતનગર સ્થિત અનુસૂચિત જાતિ કચેરીમાં મોડી રાત સુધી તપાસનો દોર ચાલુ રહેશે અને જો જરૂર પડશે તો કેટલાક કર્મચારીઓને હાજર રાખી તેમની પૂછપરછ પણ કરવામાં આવે તેવી શક્યતા છે. તથા જરૂર પડે તો શિષ્યવૃત્તિ મેળવનાર લોકોને પણ પૂછપરછ માટે બોલાવાશે તથા અનુસૂચિત જાતિ કચેરીમાં શિષ્યવૃત્તિની કામગીરી કરતા કર્મચારી સૌથી વધુ શકના દાયરામાં આવતા હોવાના કારણે તેમની ઘનિષ્ટ તપાસ હાથ ધરવામાં આવે તો નવાઈ પામવા જેવુ નથી.

# પાલનપુર-ડીસા હાઈવે પર હાલોલના જૈન પરિવારને નડ્યો અકસ્માત

## દેવપુરા પાટિયા પાસે કાર અને ડમ્પર વચ્ચે અકસ્માતમાં ૧નું મોત : 3 ઘાયલ

પાલનપુર ડીસા હાઈવે પર દેવપુરા પાસે પંચમહાલ જિલ્લાના હાલોલના શાહ પરિવારને અકસ્માત નડ્યો હતો. ડમ્પર અને શિફ્ટ કાર વચ્ચે થયેલા અકસ્માતમાં કારમાં સવાર એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું. જ્યારે ૩ લોકો ઘાયલ થયા હતા. જેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયા હતા.

પાલનપુરના ડીસા હાઈવે પર દેવપુરા પાટિયા પાસે ડીસા તરફથી આવી રહેલી સિમેન્ટ




મિક્ચર ટ્રકન. જીજે-૦૮-ઝેડ-૫૩૯૧ રસ્તો ક્રોસ કરી મેડીપોલીસ તરફ જઈ રહી હતી. ત્યારે હાલોલનો એક શાહ પરિવાર પોતાની શિફ્ટ કાર નંબર જીજે-૧૭-એએચ-૦૨૭૮ લઈ પાલનપુરથી ડીસા તરફ જઈ રહ્યો હતો. દરમિયાન, રસ્તો ક્રોસ કરી રહેલી ટ્રકની સાથે સ્વિફ્ટ કાર ટકરાતાં કારના આગળનો ભાગ ફૂરચો ઉડી ગયો હતો. અકસ્માતને પગલે કારમાં સવાર ચાર વ્યક્તિઓમાંથી એકનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે ત્રણ વ્યક્તિને ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે પાલનપુર સિવિલમાં હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાંથી વધુ સારવાર અર્થે તેમને ખાનગી હોસ્પિટલમાં રીફર કરાયા હતા. જ્યારે મૃતકના મૃતદેહને પીએમ અર્થે લઈ જવાઈ હતી. ઘટનાને પગલે લોકોના ટોળેટોળાં ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા. જો કે પશ્ચિમ પોલીસે સ્થળ પર પહોંચી અને નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા ટ્રક તેમજ કારને રસ્તાની બાજુમાં કરી રસ્તો ખુલ્લો કરાયો હતો. જોકે ટ્રક ચાલક અકસ્માતને પગલે ટ્રક મૂકી ફરાર થઈ ગયો હતો.

# ભાવફેરના મુદ્દે કિસાન સભાની સાબરડેરીમાં બેઠક

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના દૂધ ઉત્પાદકોને સાબરડેરી દ્વારા ૯.૫ ટકા ભાવફેર આપવાની કરાયેલી જાહેરાતથી નારાજ થયેલા અખિલ ભારતીય કિસાન સભા સાબરકાંઠા એકમ દ્વારા તાજેતરમાં ડેરીના સત્તાવાળાઓને આવેદનપત્ર આપીને ભાવફેર ૧૦ ટકા ચૂકવવાની માંગ કરી હતી. જે સંદર્ભે ગુરૂવારે સાબરડેરીમાં ભાવફેરના મુદ્દે સત્તાવાળાઓ દ્વારા બેઠક માટે કિસાન સભાના અગ્રણીઓને બોલાવ્યા છે. જો કે તે અગાઉ કિસાનસભાની બેઠક હિંમતનગરના ટાવરચોક નજીક આવેલ બગીચામાં યોજાશે એમ એક યાદીમાં જણાવાયું છે.

## વરસાદથી તારાજી... ● પહેલા પાનાનું ચાલુ

છેલ્લા સાત-આઠ દિવસથી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદી અતિવૃષ્ટિને લઈ હવે ભારે તારાજી અને તબાહીની આશંકા સેવાઈ રહી છે. ગીર-સોમનાથ જિલ્લાના ૧૫૦થી વધુ ગામો હજુ પણ સંપર્કવિહોણા બની રહ્યા છે. તો, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના મેઘતાંડવનો ભોગ બનેલા હજારો લોકો હજુ તંત્ર તરફથી મદદની રાહ જોઈને બેઠા છે પરંતુ હજુ સુધી તંત્રનો એકેય માણસ તેમની પાસે ફરકયો સુધ્ધાં નથી. પૂરગ્રસ્ત વિસ્તારોમાં એનડીઆરએફ અને બચાવ ટીમો દ્વારા પાણીમાં ફસાયેલા લોકોને સ્થળાંતર કરાવવાની કામગીરી સતત ચાલુ છે. સોમનાથ-અમદાવાદ હાઈવે પર પૂરના પાણી ફરી વળતાં તંત્ર દ્વારા હાઈવે બંધ કરાવાયો હતો. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં છેલ્લા એક સપ્તાહથી મેઘરાજાના રૌદ્ર સ્વરૂપને લઈ સર્વત્ર જળબંબાકાર અને બેટની પરિસ્થિતિ સર્જાયેલી છે. હજારો લોકોનું સ્થળાંતર કરાવાયું છે તો, સેંકડો લોકોને એનડીઆરએફ સહિતની બચાવ ટીમોએ બચાવ્યા હતા. રાજયના ૧૦૦થી વધુ ગામોમાં હજુ પણ વરસાદી અતિવૃષ્ટિને પગલે વીજળીનો પુરવઠો ખોરવાયેલો છે અને હજુ આ ગામોમાં અંધારપટ છવાયેલો છે. જેમ જેમ પૂરના પાણી કેટલાક વિસ્તારોમાંથી ઓસરી રહ્યા છે તેમ તેમ તારાજી અને તબાહીના દ્રશ્યો સામે આવી રહ્યા છે. મેઘતાંડવનો ભોગ બનેલા લોકો તંત્ર પરત્વે ઉગ્ર આક્રોશ ઠાલવી રહ્યા છે. સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં વરસાદી અતિવૃષ્ટિને પગલે નદી-નાળા અને ડેમોમાં નવા નીરની આવક થઈ છે અને તેમાંના ઘણા ઓવરફલો થતાં આજે જૂનાગઢના માળિયાના ભાખરવડ ડેમ, રાજકોટનો સોગઠી ડેમ, ગીર-સોમનાથનો હિરણ-૨ ડેમ, અમરેલીના ખાંભાનો રાયડી ડેમ, પોરબંદરનો ઓઝત-૨ ડેમ સહિતના ડેમોના દરવાજા ખોલવાની ફરજ પડી હતી. જેને લઈને આસપાસના ગામો અને વિસ્તારોના લોકોને એલર્ટ કરાયા હતા. રાજયમાં ૪૩ થી વધુ ડેમોમાં વરસાદી નીરની નવી આવક થતાં જળસપાટીમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. આ સાથે જ રાજયમાં સીઝનનો કુલ ૪૪ ટકા વરસાદ નોંધાઈ ચૂકયો છે. રાજયમાં આજે ગીર-સોમનાથ, જામનગર, જૂનાગઢ, અમરેલી, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, નવસારી, સુરત, ભાવનગર, કચ્છ, સૂત્રાપાડા, ડાંગના વઘઈ સહિતના પંથકોમાં ભારેથી અતિ ભારે વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ વરસાદ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળીયામાં ૧૭ ઈંચથી વધુ, જૂનાગઢના માણાવદરમાં ૧૧ ઈંચથી વધુ અને નવસારી જિલ્લાના વાંસદામાં દસ ઈંચથી વધુ નોંધાયો હતો. વળી, પોરબંદર પંથકમાં એક જ કલાકમાં નવ ઈંચથી વધુ વરસાદ ખાબકતાં પૂર જેવા દ્રશ્યો સર્જાયા હતા. ભારે વરસાદને લઈ જૂનાગઢ માળિયામાં બરૂલા ગીર ગામ પાણીમાં ગરકાવ થઈ ગયું હતું. તો, અમરેલીમાં ખાંભાનો રાયડી ડેમ ઓવરફલો થયો હતો. ગીર-સોમનાથમાં હિરણ-૨ ડેમ ઓવરફલો થતાં તેના છ દરવાજા તંત્રને ખોલવાની ફરજ પડી હતી, જેને પગલે આસપાસના ૧૨થી વધુ ગામોને એલર્ટ કરાયા હતા. પોરબંદરમાં ઓઝત-૨ ડેમ ઓવરફલો થયો હતો, જયારે ઘેડ પંથકમાં અમીપુર અને મહિયારી ગામોને એલર્ટ કરાયા હતા. માધવપુર ગામ બેટમાં ફેરવાઈ ગયું હતું. ગીર-સોમનાથના ડારીમા પંથકમાં દેવકા નદીના ઘોડાપૂર ફરી વળ્યા હતા. ભાવનગરના મહુવામાં પણ ભારે વરસાદના કારણે ઠેર-ઠેર પાણી ભરાયા હતા, જયાં એક પ્રાથમિક શાળા અને એક મકાન ધરાશયી થયા હતા. સૂત્રાપાડમાં મેઘકહેરને લઈ સમગ્ર પંથકમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. ખાસ કરીને પ્રાચી તીર્થમાં સુપ્રસિધ્ધ માધવરાયજી મંદિર આ મોસમમાં સાતમી વખત પૂરના પાણીમાં ગરકાવ બન્યું હતું, જાણે મેઘરાજા માધવરાયજીના ચરણ પખાળવા આવતા હોય. કચ્છ પંથકમાં પણ આજે સારો એવો વરસાદ નોંધાયો હતો. સુરત-ઓલપાડ સહિતના પંથકોમાં પણ મેઘરાજાએ તારાજી સર્જી હતી એટલે સુધી કે, ખેતરો વરસાદી પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.

## કંપની સમાચાર

### TCNS કલોથિંગ કંપની લિમિટેડે ૩૩ એન્કર ઈન્વેસ્ટર્સને રૂ. ૩૩૭.૫ કરોડનાં ઈક્વિટી શેર ફાળવ્યાં

TCNS કલોથિંગ કંપની લિમિટેડે ૩૩ એન્કર ઈન્વેસ્ટર્સને શેરદીઠ રૂ. ૭૧૬ની કિંમતે (અપર પ્રાઈઝ બેન્ડ પર) ૪૭,૧૪,૨૧૦ ઈક્વિટી શેરની ફાળવણી કરી છે, જેનું કુલ મૂલ્ય રૂ. ૩૩૭.૫ કરોડ થાય છે. એન્કર રોકાણકારોમાં આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક રોકાણકારોની સારી એવી સહભાગીદારી જોવા મળી છે, જેમની વચ્ચે એન્કર ઈન્વેસ્ટર પોર્શન સારી યોગ્ય પ્રમાણમાં વહેંચાયેલો છે.

TCNS કલોથિંગ કંપની લિમિટેડે ("કંપની") ૧૮ જૂન, ૨૦૧૮નાં રોજ ૧૫,૭૧૪,૦૩૮ ઈક્વિટી શેરનો આઈપીઓ ("ઓફર") રજૂ કર્યો છે. આ ઓફરમાં ઓનકાર સિંઘ પસરિચા, અરવિન્દર સિંઘ પસરિચા (સંયુક્તપણે "પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર્સ"), અનંદ કુમાર દાગા, સરનપ્રીત પસરિચા, અંગત પસરિચા, વિજય કુમાર મિશ્રા અને અમિત ચાંદ (સંયુક્તપણે "અન્ય વિક્રેતા શેરધારકો") અને વેગનેર લિમિટેડ ("વેગનેર" અથવા "ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર")ની વેચાણ માટેની ઓફર સામેલ છે. આ ઓફર અમારી કંપનીની પોસ્ટ-ઓફર પેઈડ-અપ ઈક્વિટી શેર કેપિટલનો ૨૫.૬૩ ટકા હિસ્સો ધરાવશે. બિડ/ઓફર ૨૦ જુલાઈ, ૨૦૧૮નાં રોજ બંધ થશે. સેબી આઈસીડીઆર નિયમનો મુજબ બીઆરએલએમ સાથે ચર્ચા કરીને કંપની, પ્રમોટર વિક્રેતા શેરધારકો અને રોકાણકાર વિક્રેતા શેરધારકો એન્કર રોકાણકારોની ભાગીદારીનો વિચાર કરી શકે છે. એન્કર ઈન્વેસ્ટર ઓફર/બિડ ખુલવાની તારીખથી આગળનાં કામકાજ ચાલુ હોય દિવસે બિડ કરી શકશે. ઓફરનાં પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૭૧૪થી રૂ. ૭૧૬ છે. બિડ લઘુતમ ૨૦ ઈક્વિટી શેર માટે અને પછી ૨૦ના ગુણાકમાં ઈક્વિટી શેરમાં થઈ શકશે. ઈક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઈ અને એનએસઈ પર થશે.

### પ્રુડન્ટ કોર્પોરેટ એડવાઈઝરી સર્વિસીસે TA એસોસિએટસને લઘુમતી હિસ્સો ઓફર કર્યો

પ્રુડન્ટ કોર્પોરેટ એડવાઈઝરી સર્વિસીસ ("પ્રુડન્ટ") એક મ્યુચ્યુઅલ ફંડ અને અન્ય વેલ્થ પ્રોડકટસના અગ્રણી વિતરક દ્વારા આજે જાહેર કરવામાં આવ્યું છે કે તેમણે અગ્રણી ગ્લોબલ ગ્રોથ પ્રાઈવેટ ઈક્વિટી કંપની, TA એસોસિએટસને લઘુમતી હિસ્સો ઓફર કરવાની પ્રક્રિયા પૂર્ણ કરી છે. આ સોદાની નાણાકિય શરતો જાહેર કરવામાં આવી નથી.

વર્ષ ૨૦૦૧માં સ્થપાયેલી પ્રુડન્ટ મ્યુચ્યુઅલ ફંડઝ, બોન્ડઝ, બ્રોકીંગ અને ઈન્સ્યોરન્સ પ્રોડકટસ થકી વ્યક્તિગત અને કોર્પોરેટ પ્લાનીંગ સર્વિસીસ પૂરી પાડે છે. પ્રુડન્ટ એમના ૧૦,૦૦૦થી વધુ સ્વતંત્ર ફાયનાન્સિયલ એડવાઈઝર્સ (IFAs) ના નેટવર્ક થકી કાર્યરત છે અને તેઓ રૂ.૧૮,૦૦૦ કરોડથી વધુ એસેટ અન્ડર મેનેજમેન્ટ (AUM) ધરાવે છે. પ્રુડન્ટ પાર્ટનર્સને તાલીમ, ડેવલપમેન્ટ સર્વિસીસ, ક્લાયન્ટસ બેઝ વધારવા અને મેનેજ કરવા માટે ટેકનોલોજી પ્લેટફોર્મ, બેક ઓફિસ સર્વિસ અને સેલ્સ તથા માર્કેટીંગ સપોર્ટ પૂરો પાડે છે. કંપની ગુજરાતમાં અમદાવાદ ખાતે હેડક્વાર્ટર ધરાવે છે અને ભારતનાં ૧૯ રાજ્યોમાં ૭૦ શાખાઓનું સંચાલન કરે છે.

TA એસોસિએટસ એડવાઈઝરી પ્રાઈવેટ સર્વિસીસ લિમિટેડના સિનિયર વાઈસ પ્રેસીડેન્ટ આદિત્ય શર્મા કે જે પ્રુડન્ટના બોર્ડ ઓફ ડિરેકટર્સમાં જોડાવાના છે તે જણાવે છે કે "તેમના IFA કેન્દ્રિત બિઝનેસ મોડેલ, સર્વિસ ઓફરીંગના અને મજબૂત ટેકનોલોજી પ્લેટફોર્મને કારણે પ્રુડન્ટ મૂડીરોકાણની અનોખી અને રોમાંચક તકો પૂરી પાડે છે. અમે પ્રુડન્ટની સમગ્ર ટીમ સાથે જોડાઈને કંપનીન નવા ઉંચા સ્તરે લઈ જવા માટે આશાવાદી છીએ."

## મનનાં ઉમંગો ● ચોથા પાનાનું ચાલું

ખંચકાઈને ધીમી પડી ,મનુભાઈ જુવે છે કે આ બાજુથી પેલી બાજુ જતો રાહદારી પણ શ્રી કૃષ્ણ છે! એક ક્ષણ માટે પોતે બેબાકળા બની ગયા અને આજુબાજુ જોવા લાગ્યા તો દુકાને બેઠેલો વ્હોરો- બધા જ શ્રી કૃષ્ણ છે ! ક્ષણ-બે ક્ષણની આ અનુભૂતિ એવી પ્રબળતાથી ચિત્તમાં ઝીલાણી કે કોર્ટના દરવાજે ઉતરતા મનુભાઈ ઘરના આંગણેથી ઘોડાગાડીમાં ચડેલા મનુભાઈ કરતાં પોતાની જાતને જુદી જ અનુભવી રહ્યા !'

આ પ્રસંગ માનીએ કે ના માનીએ પણ સાંભળ્યા પછી એવું થાય છે કે જેના રૂદિયામા અને રગે રગમાં પ્રભુ વિરાજ્યો હોય અને હોઠે સતત હરિના નામનું સ્મરણ ચાલતું હોય એવા મનુભાઈને જ્યાં જુવે ત્યાં શ્રી કૃષ્ણ કેમ ના દેખાય અને આવો સંતહદયી જ આવું ભજન લખ્યા વગર કેવી રીતે રહી શકે ?

હરિ બોલ, હરિ બોલ, હરિ હરિ બોલ<br>
અવસર આવ્યો છે અણમોલ ,<br>
હરિ બોલ, હરિ બોલ, હરિ હરિ બોલ<br>
યાદ કરી કિરતનનો કોલ,<br>
હરિ બોલ, હરિ બોલ, હરિ હરિ બોલ<br>
બોલ હરિ હરિ ઝાંઝ પખાજે,<br>
બોલ હરિ હરિ મૃદંગ અવાજે, બજે ખંજરી બાજે ખોલ,<br>
હરિ બોલ, હરિ બોલ, હરિ હરિ બોલ<br>
હરિના જન હરિ હરિ હરિ બોલે, મગન મગન મતવાલા ડોલે;<br>
ચહુ દિશ રસાયો રસલોલ, હરિ બોલ, હરિ બોલ, હરિ હરિ બોલ.<br>
હરિ બોલે જગ જાય તણાયું,<br>
કેમ ગુમાવે કાંઠે આયુ ?<br>
સરોદ ધ્રુડકાવી દે ઢોલ, હરિ બોલ, હરિ બોલ, હરિ હરિ બોલ.

ફરી એકવાર દિલમાં વિચાર આવે છે કે આપનું હૈયુ મનુભાઈનું અતિપ્રસિધ્ધ ભજન" અવગતની એંધાણી એ સંતો, અવગતની એંધાણી કે ચાતક પીએ એઠું પાણી ! " સાંભળવા બેબાકળુ બની ગયું છે. પણ આપણી કોલમની એક મર્યાદા છે , એને હું કેવી રીતે તોડી શકું ? હજુ ગઝલની વાત તો શરૂ જ નથી કરી ! ત્યારે મારા મનમાં એક દુર્વિચાર આવે છે કે એક પણ શબ્દ ગધ્યનો લખવાનો બદલે એકસામટા ચાર-પાંચ ભજન તમને પીરસી દીધા હોય તો ? તમને એક મોટ્ટો ફાયદો એ થાય કે મારી નકામી વાતો વાંચવી પડશે નહીં ! અમારા તંત્રીશ્રી તો ઉદાર દિલના છે પરંતુ વાચકો આ પગલાનો વિરોધ કરશે તો હું મારો દુર્વિચાર પડતો મૂકીશ એની ખાતરી આપું છું.

## ભાડા વધારો .... ● છેલ્લા પાનાનું ચાલુ

કરી તાત્કાલિક ભાડા-વધારો પાછો ખેંચવા માંગ કરી છે.

તેમણે તેમના પત્રમાં જણાવ્યુ છે કે પ્રજાના પૈસાની જે વેરા સ્વરૂપે આવક થઈ છે તેમાંથી રિનોવેશન થયુ છે તો પ્રજાને તેનો ફાયદો કરાવવામાં વાંધો શું છે ? રંગમંચોનો ઉપયોગ લગ્ન સિવાય સામાજિક-ધાર્મિક સંસ્થાઓ પણ કરતી હોય છે અને તે કોઈપણ જાતની પ્રવેશ ફી રાખ્યા સિવાય ત્યારે પ્રજાના હિતમાં પુનઃ વિચારણા કરવી જરૂરી છે.

કોંગ્રેસના જ અન્ય કાઉન્સીલર શ્રીમતિ રમીલાબેન પ્રદીપસિંહ વાઘેલાએ પણ ભાડા-વધારાનો વિરોધ કરતાં જણાવ્યુ છે કે મધ્યમ-ગરીબ વર્ગને પોષાય તેવા દરો રાખવાને બદલે પ્રજાને દંડવાની સત્તાધીશોની આ નીતિ યોગ્ય નથી અને વિરોધને પાત્ર છે. તેમણે પણ આ મુદ્દે આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. સ્થાયી સમિતિએ કરેલા આ નિર્ણયનો વિરોધ કરતો સૂર ભાજપના કાર્યકરોમાં પણ ગણગણાટનો મુદ્દો બન્યો છે. કેટલાક કાર્યકરો આ વાતને લઈ સરકારમાં રજુઆત કરવા બાબતે પણ વિચારણા કરી રહ્યાનું જાણવા મળેલ છે.

## વધારાના વર્ગો.... ● છેલ્લા પાનાનું ચાલુ

શિક્ષણતંત્રના અધિકારીઓએ રાઉન્ડ લઈ નિરિક્ષણ કરવાનુ શરૂ કર્યુ છે. અગાઉ ધોરણ -૧૦ માં ૩૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા વિશેષ હતી. જયારે ગત વર્ષની સાપેક્ષમાં આ શાળાઓની સંખ્યા પ્રમાણમાં ઘટી હોવાનુ પણ શિક્ષણ તંત્રએ જણાંવ્યુ છે. જયારે આગામી દિવસોમાં ૫૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી શાળાઓને પણ પરિણામ સુધારણાની પ્રક્રીયા હેઠળ આવરી લેવા આયોજન કરવામાં આવ્યુ છે. ગાંધીનગર જિલ્લામાં ધો-૧૦ માં ૩૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૧૦ છે. જયારે આ શાળાઓના આચાર્યોની સાથે પણ અગાઉ જિલ્લા શિક્ષણાધિકારી કક્ષાએ બેઠક યોજવામાં આવી હતી. આ દરમિયાન શાળાના આચાર્યો દ્વારા પરિણામ સુધારણા અંગે એકશન પ્લાન પણ રજુ કરવામાં આવ્યો હતો. જયારે પરિણામ સુધારણા માટે હાથ ધરવાની થતી કામગીરી અંગે પણ સમીક્ષા કરવામાં આવી હતી. શાળાના આચાર્ય કક્ષાએથી કેવા પ્રકારની કામગીરી કરવામાં આવશે તે અંગે પણ અહેવાલ રજુ કરાયો હતો. પરિણામ સુધારણા માટે અગાઉની જેમ શાળાના નિયત સમય ઉપરાંત વધારાના વર્ગો શરૂ કરવા પણ આયોજન કરાયુ છે. પરંતુ ગત વર્ષ કરતા તેમાં થોડો સુધારો કરાયો છે. ગત વર્ષ દરમિયાન માત્ર ધો-૧૦ માં ના જ વિદ્યાર્થીઓ માટે વધારાના ૧ કલાક સુધી વર્ગો શરૂ કરાયા હતા. જયારે હવે ધો -૯ ના વિદ્યાર્થીઓને પણ વધારાના વર્ગો માટે સામેલ કરી દેવાયા છે. અલબત્ત ધો -૯ માં પણ વધારાના વર્ગો શરૂ કરવામાં આવશે. જિલ્લામાં ૩૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી ૧૦ શાળાઓ પૈકી ૩ સેલ્ફ ફાઈનાન્સ શાળાઓનો પણ સમાવેશ થાય છે. જિલ્લામાં નબળુ પરિણામ ધરાવતી શાળાઓમાં પરિણામ સુધારણા માટે એકશન પ્લાન મુજબ યોગ્ય કામગીરી થઈ રહી છે કે કેમ તે અંગે પણ શિક્ષણાધિકારીએ શાળાઓમાં રાઉન્ડ લેવાનુ શરૂ કરી દીધુ છે.